પ્રચારકાર્યની આવશ્યકતા.

Reg. No. B. 3220




સમાજ, ધર્મ અને સાહિત્યની સેવા બજાવતું નૂતન યુગનું જૈન પાક્ષિક પત્ર.

વાર્ષિક લવાજમ ૧-૮-૦
છુટક નકલ ૧ આનો.
શ્રી જૈન યુથ સીંડીકેટ (તરુણ જૈન સમિતિ)નું મુખપત્ર
વર્ષ ૧ લું અંક ૧૨ મો
શનિવાર તા. ૧૬-૬-૩૪

# વિવેક અને સભ્યતા.

લેખક:—શ્રી મણીલાલ મોહનલાલ ઝવેરી

જૈનોના મંદિરની વાત છે. સૌ પોતાના આત્માની ઉન્નતિ કરવા માટે નિરંજન નીરાકારની ભાવના ઉત્પન્ન કરતી પ્રતિમાની પૂજા કરવા ભેગા મળ્યા હોય; નિરંજન પ્રભુને પૂજવામાં રાગદ્વેષ ન હોય. રાગદ્વેષ દૂર કરવા માટેજ પૂજા કરવી જોઇએ તે સમજીને બધા ભેગા થયા હોય. આત્મા બધાનો સરખો ગણાય. પ્રભુની પૂજા કરવાનો તમામ આત્માનો સરખો હક્ક કબુલ રખાય. આ વખતે પ્રભુની સૌથી પહેલી પૂજા કરવાનો હક્ક વેચાય અને તે ધનાઢ્ય પોતાની લક્ષ્મીના જોરે ખરીદે. પોતે બધાને ઉભા રાખી પહેલી પૂજા કરી લે. બધા અધીરાઇથી જોયા કરે. મનમાં મનમાં કચવાતા રાગદ્વેષ વધાર્યા કરે. જેને હૃદયમાં લાગણી થાય તે આવો હક્ક ખરીદતા અટકે તો?

જૈનોને લગતીજ વાત છે. પૂજા કરનારાનાં ટોળાં ધક્કા મારી એક બીજા ઉપર પડે. ધાંધલ કરે. પ્રતિમા ઉપર પડી જતાં દીવાલના ટેકાથી બચે, નીચે પડતા પ્રતિમાના ટેકાથી બચે. એક બીજા અથડાય, કેસર બરાસ ભરેલી વાટકીઓ ઢોળાઇ જાય. હાથમાં રાખેલી સળગતી અગરબત્તીઓથી કોઇ દાઝી જાય. ફુલની થાળીઓમાંના ફુલ પડી જાય. શો આપણો વિવેક! શી આપણી રાગદ્વેષ દૂર કરવાની ભાવના અને તે માટેની પ્રવૃતિ? કોઇ અમલદાર કે રાજાને મળવા કે તેને ભેટ ધરવા ભેગા થયા હોઇએ તો આમ થઇ શકે? એક પછી એક એમ ક્રમવાર પ્રતિમા આગળ જઇ શાંતિથી પૂજા ન થાય? ક્રમવાર આપણો વારો આવતા સુધીની ધીરજ આપણે ન રાખી શકીએ?

જૈનોના ઉપાશ્રયની વાત છે. રાગદ્વેષ જેને છતેલા છે તેવા મુનિ પાસે આત્માની ઉન્નતિ અર્થે વ્યાખ્યાન શ્રવણ કરવા ભેગા થઇએ. ભાવિક શ્રાવક શ્રાવિકાઓ ક્રમવાર આવી બેઠા હોય. આપણે મોટા ગણાતા હોઇએ કે આપણે પોતાને મોટા માની લીધા હોય. બધાને ખુંદતા, આપણા પગનો સ્પર્શ કરાવતા બહાદુરીથી આગળ વધેજ જઇએ. બરાબર આગળ વધી જવાના અભાવે બીજાઓને કચરતા બેસીએ. લોકો ભલે ગણે "વહેલા આવવું હતું ને;" શી આપણી મોટાઇની શોભા?

મુનિ વ્યાખ્યાન વાંચતા હોય. શ્રાવિકાઓ વાતો કરેજ જાય. મુનિનો અવાજ પહોંચી ન શકે? "અવાજ ન કરો" ની બુમો પડયે જાય. થોડી થોડી વારે કલબલાટ વધી પડે. મુનિને વ્યાખ્યાન બંધ કરવું પડે. શી શ્રોતાઓની વ્યાખ્યાન સાંભળવાની ભાવના?

મુનિ રાગદ્વેષને છતનારા ગણાય. ભાવિક શ્રાવકો તેમને તે ભાવનાની જીવતી પ્રતિમા ગણી બહુમાન કરે. મુનિ અન્યધર્મીઓને તેમજ ઉદ્દામ પક્ષવાળા શ્રાવકો પ્રત્યે બીનાઇ અણછાજતી ભાષા વાપરે. પોતે જે વેષ પહેર્યો છે તે લજવાય છે તેનું ભાન ભૂલી જાય. રાગદ્વેષ તજવાને બદલે તેના ઇજારદાર બની જાય. ભાવિકો ઉપર કેવી છાપ પડે?

વ્યાખ્યાન પુરું થયે સ્ત્રી અને પુરુષો એકજ દરવાજેથી અથવા વધુ દરવાજા હોય તો બધા દરવાજેથી એક સાથે ઉપાશ્રયમાંથી બહાર નીકળવા પ્રયત્ન કરે, ધક્કા ધક્કી થાય, સ્ત્રીઓ અને—મુનિના બે બોલ સાંભળવા આવેલા—બાળકો કચરાઇ જાય, પડી જાય, અગડાઇ જાય. પ્રભાવના કરનાર પ્રભાવના વ્હેંચી ન શકે. તેની પેંડા, પતાસા કે બદામ ભરેલી માટલી ફુટી જાય. તેને બારણા આગળની જગ્યા છોડી ખસી જવું પડે. વિવેકથી હારબંધ ઉભા રહી જગ્યા મળે તેમ બહાર જઇએ તો પાંચજ મિનિટમાં બધું પતી જાય. ઉપાશ્રયે જઇ, મુનિનું વ્યાખ્યાન સાંભળી, આટલી સ્થિરતા આપણે ન રાખી શકીએ? એ જમાનાને આવતા કેટલાં વર્ષો જોઇશે?

(લેખકની હવે પછી પ્રસિધ્ધ થનારી 'અટકી પડેલું ગાડું' નામની લેખમાળામાંથી)

—: તરૂણ જૈન. :—

શનિવાર તા. ૧૬–૬–૩૪

## પ્રચારકાર્યની આવશ્યકતા.

જગતના ઉન્નત સમાજો તરફ નજર કરતાં જોઈ શકાય છે કે તે તે સમાજના કાર્યવાહકોનું પ્રચારકાર્ય જોરદાર હોય છે. ઝીણામાં ઝીણી બાબતથી આમવર્ગને વાકેફ રાખવામાં આવે છે, સમાજ પ્રગતિના માર્ગોને વિચારવાની ત્હેની શક્તિ ખીલવવામાં આવે છે, સમાજની પ્રત્યેક વ્યક્તિ પછી તે બાળ હો કે વૃધ્ધ હો, યુવાન હો કે યુવતી હો, સ્ત્રી હો કે પુરૂષ હો, સમાજનું હિતાહિત વિચારતી થઈ જાય છે. પરિણામે સમૂહની વિચારક શક્તિથી અમુક રાહ નિયત થાય છે અને સમાજને એ રાહ ઉપર ધસડી જવા પ્રયત્ન કરવામાં આવે છે. ત્હેને માટે નિયમિત પ્રચાર કાર્ય પ્રેસ અને પ્લેટફોર્મદ્વારા ચાલુ કરવામાં આવે છે. મોટાં મોટાં શહેરોમાં તો દૈનિક પેપરો, સાપ્તાહિકો, માસિકો દ્વારાજ લોકમત કેળવવો આસાન થઈ પડે છે, જ્યારે દૂર દૂર ગામડામાં કે જ્યાં જાહેર પેપરો બીલકુલ પહોંચી શકતાં નથી ત્યાં સભાઓ-દ્વારાજ પ્રચાર થઈ શકે છે.

પચાસ કે સાઠ વરસ પહેલાંજ જેનો જન્મ થયો છે ત્હેવા આર્યસમાજની પ્રગતિનો ઇતિહાસ તપાસવામાં આવશે તો જણાશે કે કેવળ ઉપરોક્ત બે બાબતોજ કારણભૂત છે. ગામડે ગામડે આર્યસમાજના મીશનો સ્થાપવામાં આવ્યાં છે. નાની નાની ટૂકડી, જાહેર પેપરો, સભાઓ દ્વારા આર્યસમાજના સિધ્ધાંતો પ્રતિપાદન કરવામાં આવે છે, નિયમિત ત્હેની મહાસભા મળે છે, સમયાનુકૂળ રાહો નક્કી થાય છે, કાર્યક્રમો ઘડાય છે અને અમલમાં મૂકાય છે. આમ પચાસ વરસ પછી એ સમાજના ચાલીશ લાખ સભ્યો નોંધાયા છે.

ક્રિશ્ચિયન મીશન પણ ગામડાઓમાંજ કાર્ય કરી રહેલ છે. બીલકુલ અજ્ઞાન ભોળી અને જંગલી જનતાને ત્હેના જીવન ક્ષેત્રમાં અનેક પ્રકારની રાહતો આપી ક્રિશ્ચિયન ધર્મમાં રસ લેતાં કરી મૂકે છે અને ત્હેની જિજ્ઞાસા તૃપ્ત થાય તે માટે ન્હાનાં મોટાં પુસ્તકો પાણીના મૂલ્યે વેચાય છે. છેલ્લાં સવાસો વરસમાં આર્યાવર્તમાં ચાર કરોડ માનવીઓ એ સમાજના સભ્ય બનેલ છે. આમ અનેક પંથો પ્રચાર દ્વારા ભારતમાં પગભર થયા છે અને પ્રચારના અભાવે અનેક સમાજોનું અસ્તિત્વ પણ નાબૂદ થયું છે. આમ જેટલી તલ્વારમાં શક્તિ નથી તેટલી કલમમાં શક્તિ છે. અફઘાનીસ્તાનના તખ્ત ઉપર મર્હુમ રાજા નાદીરખાન કેવળ કલમના જોરેજ બીરાજી શક્યા હતા. પાશ્ચિમાત્ય દેશો આ વસ્તુસ્થિતિ પિછાણી શક્યા છે અને ત્હેથીજ તે દેશોમાં જેટલા પ્રગતિમાન બળો અસ્તિત્વ ધરાવે છે તે બધા પ્રચારકાર્યને ખૂબ મહત્વ આપે છે. મુસોલીની ને હિટલર, મેકડોનાલ્ડ અને રૂઝવેલ્ટ વગેરે જે પ્રધાનસ્થાન ભોગવે છે, ત્હેમાં પ્રચારકાર્યનો મ્હોટો હિસ્સો છે. પ્રત્યેક ધર્મ પ્રચારકો, સમાજ સંસ્થાપકો અને મ્હોટી મ્હોટી શહેનશાહતોના રક્ષણહારો પ્રચારકાર્યનો ખૂબ આશ્રય લે છે. આમ પ્રચારકાર્યનું ખૂબ મહત્વ છે.

આપણા સમાજમાં પણ યુવકોએ એ પરિસ્થિતિ પિછાણી છે. જાહેર પેપરો દ્વારા, કોન્ફરન્સો અને પરિષદો દ્વારા એ પોતાના ધ્યેયને પહોંચી વળવા માટે ભગીરથ પ્રયત્ન કરી રહ્યા છે અને પ્રગતિનાં સોનેરી સ્વપ્નાંઓ સેવી રહ્યા છે. ત્હેથી કોન્ફરન્સો અને પરિષદો મળે છે, વાતાવરણ ધમધમી ઉઠે છે, લોકમત જાગૃત થાય છે, અને ઉત્સાહનાં પૂર રેલાય એ જાતનાં આંદોલનો પ્રગટે છે. કાર્યકર્તાઓ મહિનાઓ પહેલાં લોકમત કેળવવાનો પ્રયત્ન કરે છે અને ત્રણ દિવસની મહેફિલ ગોઠવાય છે. ત્હેમાં તમામ પ્રકારના સામાજીક પ્રશ્નોને કસોટીની એરણ ઉપર ચઢાવવામાં આવે છે અને અમુક પ્રકારના ઠરાવોની હારમાળાનો જન્મ થાય છે, કાર્યકર્તાઓ આત્મસંતોષ અનુભવે છે. આમ મહેફિલના દિવસોમાં તો ઉત્સાહના મહાસાગર પ્રગટે છે. પણ મહેફિલ પછી ?

અત્યાર સુધીના આપણા અનુભવો કહે છે કે જે ઉત્સાહ, જે ચેતન મહેફિલમાં અને મહેફિલ પહેલાં હોય છે, એ ત્યારબાદ નિરૂત્સાહ અને નિશ્ચેતનના રૂપમાં ફેરવાય જાય છે. કાર્યકર્તાઓ શાંત થઈ જાય છે, પ્રચારકાર્ય અટકી પડે છે, લોકો પોતપોતાના કામમાં પડી જાય છે, પરિણામમાં ઠરાવો કાગળ ઉપરજ રહે છે, તે આગળ વધી શકતા નથી, કાર્ય કરવાની આપણી એ ઉણપ છે.

**સામાજિક** ઠરાવો તે પણ આપણે આપણા આચરણમાં મૂકી શકતા નથી. આ બાબત હવે પડદો માંગે છે. આપણે રાહો નક્કી કર્યા તે રાહે પ્રથમ આપણેજ એટલે કાર્યકર્તાઓએજ પગલાં માંડવા જોઈએ અને તે સંબંધી ખૂબ પ્રચારકાર્ય કરવું જોઈએ. સમાજની પ્રત્યેક વ્યક્તિના કાને કોન્ફરન્સ અને પરિષદનો સંદેશ સુણાવવો જોઈએ. કોન્ફરન્સ અને પરિષદના સુકાનીઓની એ ફરજ છે, ત્હેનું એ પરમ કર્તવ્ય છે. એ ફરજ જેટલે અંશે અદા થાય તેટલે અંશે કોન્ફરન્સ અને પરિષદની સફળતા છે. અને એ ફરજ જો બજાવવામાં ન આવે તો કોન્ફરન્સ અને પરિષદો નિષ્ફળ છે એટલું સમજવાની જરૂર છે.

આપણે જો જીવવા માંગતા હોઈએ, જગતના બીજા સમાજોની હરોળમાં રહેવા ઇચ્છતા હોઈએ, આપણા સમાજને ઉન્નત સમાજ બનાવવાની તમન્ના હોય, તો પ્રચારકાર્ય અનિવાર્ય છે. આપણી પરીષદોનો સંદેશ ઘેર ઘેર પહોંચાડી સંગઠનની પવિત્ર સાંકળમાં સમાજની પ્રત્યેક વ્યક્તિને જોડવાની પરમ આવશ્યકતા છે; એ બધું કરવાની યુવકોની પવિત્ર ફરજ છે. એ ત્યારેજ થઇ શકે કે જ્યારે કંઇક આત્મભોગ આપવાની ભાવના સ્ફુરે. ત્હેમાં બધાએ કંઇ સરખો ભોગ તો નજ આપી શકે. પરંતુ કોઇ ટેબલ વર્ક કરે, કોઇ પ્લેટફોર્મો ગજવે, કોઈ ગામડાને પોતાની સેવાનું કેન્દ્ર બનાવે. આમ જ્હેને જે રીતે રૂચે એ રીતે સેવા કરવા તત્પર થાય તો પ્રચારકાર્ય બહુજ સુંદર થઈ શકે, આપણું સંગઠન સધાય અને તેમાંથી ખૂબ શક્તિ પેદા થાય. પણ ખૂબ ધ્યાન રાખવું જોઇએ કે આપણે જે કંઇ કરીએ, જે કંઇ બોલીએ તેમાં દંભની ગંધ પણ ન હોવી જોઇએ. આજે એક દોકડાભાર કામ કરવું અને સો દોકડાભાર ઢોલ પીટવો એ જાતનું માનસ છે ત્હેને બદલવું જોઇએ; તોજ આપણે ઉન્નતિના પંથે પડી શકીશું. જ્યાં સેવાભાવ હોય ત્યાં નામની તમન્ના ન હોય, ત્હેને ઢોલ પીટવાનું ન ગમે, એ તો કાર્યમાંજ રચ્યો પચ્યો રહે. આટલી નિર્મળ સેવા ભાવના જાગશે ત્યારેજ આપણે આપણા ધ્યેયને પહોંચી વળીશું; અને જ્યાંસુધી નામનો મોહ રહેશે ત્યાંસુધી ઘાંચીના બેલની માફક આપણે જ્યાંના ત્યાંજ રહીશું એટલું ધ્યાનમાં રહે.

## સાહિત્ય સમીક્ષા.

**तेरह काठिये** :—લેખક અને પ્રકાશક પંડિત કાશીનાથ જૈન; આદિનાથ હિન્દી-જૈન-સાહિત્યમાળા. મુ. બંબોરા, પોસ્ટ ભીંડર (મેવાડ). મૂલ્ય અમૂલ્ય.

જૈન શાસનમાં તેર કઠીયારાની કથા પ્રસિધ્ધ છે તે ઉપરથી ભાઇશ્રી કાશીનાથે સરલ હિન્દી ભાષામાં નવીન પધ્ધતિથી ઉપરોક્ત ગ્રંથનું આલેખન કર્યું છે. નૈતિક દ્રષ્ટિએ પ્રજા જીવનને આવા નાના ગ્રંથો ખૂબ ઉપયોગી છે.

**आनंद श्रावक** :—લેખક અને પ્રકાશક પંડિત કાશીનાથ જૈન :—આદિનાથ હિન્દી-જૈન-સાહિત્યમાળા. મુ. બંબોરા-પોસ્ટ ભીંડર (મેવાડ) મૂલ્ય અમૂલ્ય.

પરમાત્મા મહાવીરના દશ શ્રાવકોમાં આનંદ શ્રાવકને મુખ્ય માનવામાં આવેલ છે, તેહનું આ ગ્રંથમાં વિસ્તૃત જીવન આલેખવામાં આવ્યું છે.

**વિદાય સમયે** :—પ્રકાશકો-સેક્રેટરીઓ. ધા. સં. બા, બા. સમિતિ. આમાં ધાનેરા સંવાદ, વ્યાયામ, ભાષણ સમિતિનો આવક જાવકનો સંપૂર્ણ હિસાબ તેમજ રૂપરેખા આપવામાં આવી છે.

**પાખંડી ધર્મ એ માનવજાતને ઝેરરૂપ છે** :—સંપાદક: મુળજીભાઇ એન. શાહ. ધાનેરા સમિતિની આ પાંચમી પત્રિકા છે. પ્રચાર અર્થે આવી પત્રિકાઓ ઉપયોગી છે.

**જૈન કોણ થઇ શકે?** મુળ લેખક પંડિત જુગલકિશોરજી મુખ્તાર પ્રકાશક :-મંત્રી દિગંબર જૈન યુવક સંઘ નવાપરા, સુરત. મૂલ્ય ૦-૧-૦ એક આનો.

જૈન મિત્ર મંડળ દિલ્હી તરફથી જૈન કૌન હો સકતા હૈ! એ નામની એક હિન્દી ટ્રેક્ટ બહાર પડી હતી, તેનું શ્રીયુત મુળચંદ કરસનદાસ કાપડીઆએ ગુજરાતી ભાષાન્તર કર્યું છે.

આ નાની પુસ્તિકામાં સંસારનો કોઇ પણ માનવ જૈન થઇ શકે એ બાબતનું વિસ્તૃત વિવેચન કર્યું છે.

**અહિંસા** :—મુળ લેખક પં. કૈલાસચંદ્રજી શાસ્ત્રી. ભાષાન્તર કર્તા:-શ્રી નવનીતલાલ ઠાકોરદાસ મોદી અને જયન્તિલાલ રતીલાલ રેશમવાળા. પ્રકાશક:-જયન્તિલાલ સાકેરચંદ સુડાવાળા તથા ખીમચંદ ચંન્દુલાલ ઝવેરી મંત્રીઓ દિગંબર જૈન યુવક સંઘ નવાપરા સુરત. મૂલ્ય ૦-૧-૦ એક આનો.

આમા અહિંસાનું સ્વરૂપ આપવામાં આવ્યું છે.

**પોલ પત્રિકા** :—સન. ૧૯૩૨ સપ્ટેમ્બરની પેહેલી તા. ૨૪ ઓગસ્ટ સન ૧૯૩૩ સુધીની ફાઇલ તંત્રી નાગરદાસ ગઢીઆ. ઠે. ગાયા બીલ્ડીંગ મસ્જીદ બંદર રોડ, માંડવી મુંબઇ ૩. કિંમત રૂ. ૧૦-૦-૦ દશ રૂપીઆ. પોલ પત્રિકા માટે અમે અમારો અભિપ્રાય આગલા અંકમાં જણાવી ગયા છીએ.

**શ્રી જૈન વિવાહ વિધિ** :—છપાવી પ્રસિધ્ધ કરનાર શ્રી જૈન ધર્મ પ્રસારક સભા. ભાવનગર. કિંમત ૦-૨-૦ બે આના.

—માંગરોળ ને વડોદરામાં છપાવેલા વિવાહ વિધિ ને લગ્ન વિધિને આધારે અર્થ સહિત તમામ મંત્રોને સંપૂર્ણ વિધાન યુક્ત લગ્ન સંબંધી વિવરણ ઉપરોક્ત પુસ્તકમાં આપવામાં આવ્યું છે, એટલે જૈન સમાજને ખૂબ ઉપયોગી છે.

## સમાચારો.

**અમદાવાદ** :—વીશાશ્રીમાળી મિત્ર મંડળના પ્રમુખ તરીકે શેઠ શકરાભાઇ લલ્લુભાઇ ચૂંટાયા છે અને તેઓશ્રીએ મંડળને રૂા. ૩૧૦૦ આપ્યા છે.

**પાલણપુર** :—અત્રે વેલુભાઇ બીલ્ડીંગમાં તાજેતરમાં સ્થપાયેલ તરૂણ જૈન સંઘની એક સભા બોલાવવામાં આવી હતી. શરૂઆતમાં શ્રી મુંબઇ જૈન યુવક સંઘ તરફથી યુવાનોના નૂતન સંગઠ્ઠનના દરેક પ્રકારના કાર્યોને ફત્તેહ ઇચ્છતો તાર વાંચી સંભળાવ્યો હતો, ત્યારબાદ શ્રી ડાહ્યાભાઇ વેલચંદ મહેતાએ સંઘનો ઉદ્દેશ અને કાર્ય સમજાવ્યા હતા અને સામાજિક ઉન્નતિ સાધવાના કાર્યમાં પ્રગતિ કરવા માટે અપીલ કરી હતી. અમલીકાર્ય માટે એક શ્રી પુસ્તકાલય અને વાંચનાલય સ્થાપવાની હીલચાલ ઉપાડી લેવાને તેઓશ્રીએ જણાવ્યું હતું. આ માટેની યોજના બહારગામથી મંગાવવામાં આવી છે. ત્યારબાદ શ્રી બેચારામની સૂચનાથી સંઘના મંત્રી તરીકે સ્થાનિક કાર્યકર્તા શ્રી ભોગીલાલ મણીની ચૂંટણી થઇ હતી.

**મુંબઇ** :—સુઇગામના જૈન બન્ધુઓએ શ્રી મારાજી ધરમાજી પાંથાવાડાવાળાના અધ્યક્ષપણા નીચે 'શ્રી સુઇગામ જૈન સેવા સમાજ મુંબઇ' એ નામની એક સંસ્થા સ્થાપી છે. તેનો મુખ્ય ઉદ્દેશ સમાજ, ધર્મ અને દેશની બને તેટલી સેવા કરવાનો છે. તેની ઓફીસ પારસી ગલી, ધનજી સ્ટ્રીટ, કેશર બીલ્ડીંગ પહેલે માળે રાખવામાં આવી છે.

**પાયધુનીનું જૈન દવાખાનું, એપ્રીલ તથા મે માસનો રીપોર્ટ** :—ઉપરોક્ત દવાખાનામાં ગયા એપ્રીલ માસમાં ૬૪૭ પુરૂષ દર્દી, ૫૧૧ સ્ત્રી દર્દી તથા ૫૮૫ બાળક દર્દીઓ મળી કુલે ૧૭૪૩ દર્દીઓએ લાભ લીધો હતો. દરરોજની સરેરાશ દર્દીની હાજરી ૫૮ ની થઇ હતી. મે માસમાં કુલે ૧૫૬૩ દર્દીઓએ લાભ લીધો હતો જેમાં ૫૯૧ પુરૂષ દર્દીઓ, ૪૧૨ સ્ત્રી દર્દીઓએ તથા ૫૬૦ બાળક દર્દીઓ હતા દરરોજની સરેરાશ દર્દીની હાજરી ૫૦ ની થઇ હતી.

અમદાવાદના મુનિ સંમેલન પછી ઘણા ખરા મુનિવરોના ચાતુર્માસ લગભગ નક્કી થઇ ગયાં છે, તેમાં આચાર્ય શ્રી વિજય નીતિસૂરિજી, આચાર્ય શ્રી વિજયેન્દ્રસૂરિજી, ન્યાયતીર્થ મુનિરાજશ્રી ન્યાય વિજયજી આદિ મુનિ મંડળનું ચાતુર્માસ મુંબઇ નક્કી કરવામાં આવ્યું છે. આ મુનિરાજો લાંબો વિહાર કરી મુંબઇની આસપાસ આવી પહોંચ્યા છે અને જેઠ વદ એકમ સુધીમાં મુંબઇ આવી પહોંચશે. આચાર્ય નીતિસૂરિજી ગોડીજીના ઉપાશ્રયમાં ચાતુર્માસ કરશે જ્યારે આચાર્ય વિજયેન્દ્રસૂરિજી તથા ન્યાયતીર્થ મુનિરાજશ્રી ન્યાયવિજયજી મહારાજ પાયધુની ઉપર આવેલ આદિશ્વરજીની ધર્મશાળામાં ચોમાસુ કરશે.

---

### સ્વીકાર.

**વીણા** :—(સાપ્તાહિક) તંત્રી બાળકૃષ્ણ બી. ભટ્ટ. વ્યવસ્થાપક :-અમૃતલાલ શાહ. વાર્ષિક લવાજમ રૂા. ૨-૮-૦ અઢી રૂપીઆ. મળવાનું ઠેકાણું. C/o વીણા ઓફિસ (અમૃત પ્રિન્ટરી) રેવડી બજાર, રંગવાળા માર્કીટ. અમદાવાદ નં. ૨.

**જૈનોદય**—સચિત્ર માસિક-સંપાદિકા સૌ. કંચનગૌરી સંઘવી. ઠે. નળબજાર પોલીસ ચોકી સામે મુંબઇ નં. ૯ લવાજમ વાર્ષિક રૂા. ૧-૮-૦ દોઢ રૂપીઓ.

# ધર્મનું શુદ્ધિકરણ

કોઇ કહેશે ધર્મ જેવી મહત્વની વસ્તુને ખોરાકના લાભાલાભની શી જરૂર છે? ધર્મની અંતિમ સ્થિતિ અણશણ હોઇ શકે, પણ જ્યાં અત્યારે ધર્માચારનું ખોળીયું બદલવાની અને નવેસરથી રચવાની જરૂર છે ત્યાં ખોરાકના પ્રશ્નો ચર્ચ્યા વિના આગળ વધી શકાય તેમ નથી.

જેમ એક જીર્ણ વસ્ત્ર બદલાવવું પડે અને નવું વસ્ત્ર ધારણ કરવું પડે ત્યારે વચ્ચે ક્ષણભર નગ્નાવસ્થાની અવસ્થા સ્વીકારવી પડે છે, તેમજ જો ધર્મવૃક્ષને ફરી સજીવન કરી સર્વ શુધ્ધિ માગતા હોઇએ તો વચ્ચેની નાસ્તિકતાની સ્થિતિ પણ કલ્પી લેવી પડશે. આ સ્થિતિ એકાંતિક છે અને અપરિહાર્ય છે.

હવા, પાણી, ખોરાક અને પ્રકાશ એ આપણો મુખ્ય ખોરાક ગણી શકાય, જેના વિના એક દિવસ પણ ચાલી શકતું નથી. આ ખોરાકોમાંથી પ્રાણશક્તિ પેદા થાય છે, જે પ્રાણશક્તિ વડે મનુષ્યત્વનો વિકાશ થાય છે. અન્ન તેવું મન, પાણી તેવી વાણી અને પ્રકાશમાંથી પ્રાણોદ્દભવ થાય છે. આ પ્રાણશક્તિને નિત્ય સ્વચ્છ રાખવા માટે માનવ પુરૂષાર્થ આવશ્યક છે.

હવે અત્યારે આપણે જે ખોરાક લઇએ છીએ તે ન્યાયોપાર્જીત છે? જે આહાર વિહારના ઉત્સવો ઉજવીએ છીએ તે શરીર શ્રમમાંથી નિતરેલા છે? અત્યારે યાત્રાઓ અને ગૌશાળાઓ પાછળ ધર્મને નામે વ્યય થઇ રહેલો છે, તેનો કંઇ અર્થ છે? જે ઉપાર્જન અને વ્યય પાછળ દેશકાળની દ્રષ્ટિએ વિવેક નથી, વિચાર નથી અને માત્ર ગાડરની માફક લીંટીએ ચાલવાની રૂઢ પ્રણાલીકા છે ત્યાં પ્રાણશક્તિનો ઉદ્દભવ ક્યાંથી થઇ શકે? અને સમાજના કોઇ પણ વર્ગને સુખ, શાન્તિ અને સમૃધ્ધિ કેમ સંભવે?

જો ધર્મ–પ્રાણ જીવંત હોય, તો ધર્માચાર્યોની આ અવદશા ન હોય. અત્યારની ગરીબાઇથી, માણસ જાનવર જેવો બની માત્ર લગ્ન વ્યવહારના ઉત્સવમાં રોકાઇ ગયો છે, અર્થાત ગરીબ, જાનવરની માફક હડધૂત થાય છે, મધ્યમવર્ગ અશિષ્ટ અને અસ્થિર થયો છે, શ્રીમંત સાવ મનુષ્યત્વ હિન બન્યો છે.

આ સ્થિતિનો ઉગારો કરવો હોય તો આપણે નવુંજ સર્જન કરવું પડશે, એકડે એકથી શરૂ કરવું જોઇએ.

એટલે આપણા પાસે બાળકનો, બાળક માટેના પોષણ માટે દુધનો, બાળકના રક્ષક થવાની આવડતનો અને બાળકના શિક્ષણનો નવી દ્રષ્ટિએ વિચાર કરવાનો છે. આજ સુધી આપણે બાળકના દિકરાના, સ્ત્રીના અને આપણાથી જે જે બુધ્ધિમાં કે પૈસામાં નહાના હતા તેને ઉતરતા ગણ્યા, માલિક બન્યા અને તિરસ્કાર્યાં તેથી આપણે પણ હડધૂત બન્યા અને પરિણામ આજે સારો સમાજ ભોગવી રહેલ છે. આજે આપણને મહાત્મા ગાંધી જેવી વિશ્વવંદ્ય વ્યક્તિએ ભાન કરાવ્યું કે, જેઓ આપણાથી નાના કે નિચા છે તેઓ હલકા નથી, પણ ભાંડરડાં છે, નાનેરા છે અને તેઓ આપણા જેટલાજ અથવા આપણાથી પણ વધારે આત્મબળી હોઇ શકે છે. પણ આ બધું કરવું મુશ્કેલ છે, તેથી આપણે આપણાથી નાનેરાને હલકા નહિ ગણવા. તેઓના આપણે માલિક નહિ પણ રખવાળ બનવું અને તેમની વિશેષ પ્રકારે સેવા કરવી, તેમને જરા મદદ કરી આપણાસમ બનાવવા પ્રયત્ન કરવો.

આ કાર્ય તે ધર્મના શુધ્ધિકરણનું છે. આ વસ્તુ તોજ બની શકે જો આપણે આપણાથી નાનેરાનો, તેમના હિતનો પ્રથમ વિચાર તેમને માટે આપણે તન, મન અને ધન ન્યોછાવર કરીએ.

પણ એ કંઇ દાન દેવાથી થતું નથી. પાંચ પૈસા દેવા એ સ્થુળ દાન છે. સાચું દાન તો તન, મનની સેવાથી થઇ શકે. મનુષ્ય એજ ધન છે. એટલે મનુષ્યે પોતાની આધ્યાત્મિક અને શારીરિક સંપત્તિને પરાર્થે વાપરવી એ મુખ્ય દાન છે અને તે ત્યાગના નામથી ઓળખીએ તોજ શોભી ઉઠે. અને દાન વિના ત્યાગ સંભવી શકે નહિ, ચારિત્ર વિના ટકે નહિ અને તન્મય થયા વિના સિધ્ધ થાય નહિ.

પણ આ બધી ધર્મની વાતો જુની જેવી લાગે છે. અત્યારે તો સમાજને બુધ્ધિથી સમજી શકાય તેવું પ્રત્યક્ષ પ્રમાણ જોઇએ છે.

ખોરાક માટે ધારો કે આપણે ગાયનું દુધ પસંદ કર્યું પણ એના વાછડા માટે એક છાંટોય ન રહેવા દીધું તો પરિણામ એ આવે કે ગાયનો વંશ નાબુદ થાય અને પરિણામે મનુષ્યનો પણ થાય. મનુષ્યનો થાય? ખરી રીતે ગાયની પાસેથી આપણને દુધ લેવાનો કંઇ અધિકાર ખરો? માતા પોતાના બચ્ચા માટેજ દુધ આપે છે. પણ મનુષ્યે થોડો વધારે પુરૂષાર્થ કર્યો, પોતાના ખોરાકમાંથી ગાયને ભાગ આપ્યો, તેની સુશ્રુષા કરી અને દુધ વિશેષ ઉત્પન્ન કર્યું આ દુધ ઉપર તેમનો હક્ક થઇ શકે તે સમજાય તેવી વાત છે પણ જો તેના વાછડા માટે કશુંજ રાખવામાં ન આવે તો તે પ્રત્યક્ષ હિંસાજ કહી શકાય, અને ગાય તો ઠીક, તેને માટે આપણે પાંજરાપોળો ચલાવી સંતોષ મેળવીએ છીએ. વાસ્તવિક વિચારથી જોઇએ તો પાંજરાપોળો એ રીબાવીને મારવાના કતલખાનાજ હોય છે, તેમાંથી ઓલાદ સુધારવાનો, દુધ વધારવાનો વિવેકજ નથી. એટલે આ સંતોષ ભારરૂપ લાગવો જોઇએ અને વાછડાઓ જે દ્વારાએ આપણે ધન ધાન્ય ખાઇએ છીએ, તેનો કદિ વિચાર સરખો પણ ક્યાં કર્યો છે?

આપણે તો મોટરમાં બેસી બળદનું પોષણ બંધ કરીએ છીએ, બજારના દુધ ખરીદ કરી ગૌ હિંસા કરીએ છીએ, બિસ્કીટ આદિ અનેક અજાણી વસ્તુ લાવી ઘરનો દ્રોહ કરીએ છીએ. આજ અમારા જૈનો સામાયિક, પ્રતિક્રમણ, પૂજા અને પૌષધ પરાણે અને શરમાશરમીએ કરાવવામાં ધર્મ માની બેઠા છે અને ક્ષણે ક્ષણે મનુષ્યત્વ હિણાતું જોવામાં આવે છે. ટેંટા જેવી માયકાંગલી પ્રજા પેદા કરવા માટે, અયોગ્ય લગ્ન સમારંભો ગોઠવવામાં મજા માની બેઠા છે અને આચાર્યો અને મુનિવરો અમારી આ દીન–હીન સ્થિતિમાં ધર્મનો બોધ સંભળાવી રહ્યા છે.

સાચા મુનિવરે તો ખાદીના અને હાથનાજ કાંતેલા જાડા વસ્ત્રો પરિધાન કરી શ્રમજીવનનો પાઠ સમાજને શિખવવો ઘટે છે અને પ્રમાણિક રોટલો કેમ પેદા કરી શકાય એ પદાર્થપાઠ આપવો જોઇએ છે.—**શ્રી લાલચંદ જયચંદ વોરા**

# નારી જીવનનાં જીવતા દોઝખ.

— શ્રી ડાહ્યાભાઇ ઘેલચંદ મહેતા

દેવલોક, સ્વર્ગ કે જન્નતની મીઠી આશા માનવીના દીલમાં આનંદ મ્હેકાવી મૂકે તે કરતાં નર્ક, દોઝખ કે જહન્નમનાં અદૃશ્ય મહા ભયાનક તત્ત્વો મનુષ્યના હૃદયને કેટલાં થરથરાવી–કંપાવી મૂકે છે? એ ગૂઢ સત્તાઓ હો કે ન હો! પણ તેનાં જીવતાં જાગતાં સ્વરૂપો આ લોકમાં ક્યાં ઓછાં છે? સમસ્ત પ્રાણી–જીવનને અંકુશમાં રાખવાં કુદરતે જે દુઃખો સમર્પ્યાં છે, તે ઉપરાંત **પુરૂષજાતે** પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે જાણ્યે અજાણ્યે **નારી જીવન** ઉપર જે વેદનાઓ સફળતાથી લાદી દીધી છે તે ધર્મ શાસ્ત્રોમાં વર્ણવાતાં નર્કોના દુઃખો કરતાં જરાયે ઉતરતી નથી.

કેટલાક અન્ય ધર્મશાસ્ત્રોએ નારી જીવનની "મોક્ષ-શ્રેણી" માં શંકા ઉઠાવી. સ્ત્રીઓને સ્વર્ગ અને દેવલોક શાં? 'નરકની ખાણ' ને વળી મુક્તિ શી? જૈન ધર્મશાસ્ત્રે પડકાર દીધો. 'જૈન ધર્મ સ્વતંત્રતાની પરિસીમા છે. સ્ત્રી જીવનને તો શું પણ જેને લોકોએ "**ચાંડાલ**" જાતિ કહી તેને અને પશુજીવનને પણ સ્વર્ગ અને મોક્ષ મળી શકે છે.' નહિ ઉચ્ચ, નહિ નીચ, જીવકો જન્મ જ્ઞાતિથી; ગુણે ઉચ્ચ, ગુણે નીચની જ્વલંત ભાવનાઓથી દિશાઓ ગજવી મૂકી, અનેક નારી રત્નો સ્વર્ગ અને મોક્ષમાં ગયાના દાખલા શાસ્ત્ર સિદ્ધ કરી બતાવ્યા—પ્રથમ તીર્થંકર શ્રી ઋષભદેવના માતાશ્રી મરૂદેવીએ કોઇપણ કાળના કોઇપણ પુરૂષ કરતાં સહેલાઇથી મોક્ષ મેળવ્યું છે, તે કરતાં નારી જીવનના અદ્ભુત મનોબળના વિજયનો વિશેષ કયો દાખલો આપવો? શ્રી બાહુબલી જેવા વિજય સિદ્ધ યોગીને પણ રાહ ભૂલતાં શ્રી બ્રાહ્મી અને સુંદરી નામની તેમની બે બ્હેનોએ એકજ માર્મિક ટકોરે સડસડાટ મોક્ષ ભણી દોડતાં કરી મૂક્યા એ પણ નારી જીવનનો પુરૂષ જાતિ ઉપરનો કાંઇ ઓછા ઉપકારવાળો દાખલો છે? અને તેટલાજ મહત્ત્વવાળો શ્રી મલ્લી કુમારી (નાથ) નો તીર્થંકર પદ મેળવ્યાનો જૈન ધર્મશાસ્ત્રોમાં સ્ત્રીશક્તિનો પૂર્ણ ખ્યાલ આપતો સાવ અજોડ દાખલો છે.

* * *

**પરિવર્તન**

કાળના કાળ વહી ગયા, ચારે બાજુ અંધારા જામ્યાં, અજ્ઞાનનાં પૂર પ્રવર્તી રહ્યાં, ધર્મને નામે નિર્દોષ પર જુલ્મ ગુજરી રહ્યો, શારીરિક શક્તિનો ઉપયોગ પશુબળ જેવો થવા લાગ્યો ત્યારે પ્રભુ મહાવીરે જૈન ધર્મના આદેશોને પુનર્જીવન અર્પ્યું. નવરચના કરતા પ્રથમ સ્ત્રી જીવનનો ઉધ્ધાર કર્યો અને ફરી એકવાર મહા સતીઓનાં ગુણોએ વિશ્વપર દેખાવ દીધો. એ દિવસોએ વહી ગયા.........જુદા જુદા કાળે પુરૂષજાતિ નારી જીવનપર ભાન ભૂલી જે તાંડવ નૃત્ય આદરી રહી હતી, તેનું ફક્ત સમયોચિત ફેરફાર સાથે આજે પણ પ્રભુ મહાવીરના આદેશો ભૂલાઇ જતાં દિગ્દર્શન થવા લાગ્યું. ફરી એકવાર **પુરૂષના સ્વામિત્વપણાનો અહંભાવ**, ધર્મજીવનને કોતરી નાખી, નારી જીવનને નશીબે–જૈનત્વને વિસારી મૂકીને પણ **ગુલામીની વિધવિધ** જંજીરો ખડકી રહ્યા છે.

**વિકાસ વિરોધક પ્રત્યાઘાતી બળો.**

જાણે 'પત્થરાઓ' ને મોજ શોખની ભાવના શી? સાપના ભારાઓને છૂટાપણું કેવું! સ્ત્રીઓના સમાન હક્કની વાહિયાત વાતો શી? નારીને સ્વતંત્રતાજ શી? **જુનવાણી રૂઢિચુસ્તોનો આજે પણ એ સજર્ન જુનો રૂદન પ્રલાપ ગાજી** ઉઠે છે. ચારે કોર ખંડીયેરોની અખંડ ચોકી કરતા એ પહેરેગીરો ફરી ટટાર થવા પ્રયત્ન કરે છે... અને ક્યાંક ક્યાંકથી તો અભિમાની સત્તાધિશોના મુખમાંથી શૂરો પર શૂરો નિકળે છે. (૧) "કન્યાઓને શિક્ષણ કેવાં? છોકરીઓને ક્યાં વિલાયત રળવા જવું છે કે ભણવાની જરૂર પડે? સ્વતંત્રતાની વાતો કરનાર પુરૂષોની સભામાં કોઇપણ સ્ત્રીએ જવું નહિ...જાય તો ન્યાત બહાર" (૨) અન્ય સ્થાને ધર્મી ગણાવાને હરહંમેશ પ્રયત્ન કરતા પુરૂષો નારીજીવન પરજ અવિશ્વાસ મૂકતાં ઉપાશ્રયોના દ્વારે "વ્યાખ્યાનના સમય સિવાય સ્ત્રીઓએ અંદર જવું નહિ" ના પાટીયાં મારે છે (અને પોતાના પૂ. મુનિઓની કેવી કિંમત આંકે છે એ પણ આવેશમાં ભૂલી જાય છે) (૩) વળી કોઇ સ્થાને પુરૂષો ઉપર આધાર નહિ રાખતા મહિલા સમાજ સ્વવિકાસ, સ્વોન્નતિ અને પ્રગતિનાં પગરણ માંડતો હોય ત્યારે ભડકી ઉઠેલી શૂરવીર, (!) હરપળે ધર્મીપણાનોજ દાવો કરતી સાચે સ્વરૂપે જુનવાણી ગાડરીયા જમાત, પડદા પાછળથી, જેની ઓળખાણ માટે પાંચ પાંચ પેઢીનાં નામો ગોઠવવામાં આવે એવી કોઇ બાઇને હથિયાર બનાવે છે, તેના મુખેથી સાચા સ્વરૂપને સમજ્યા વિના પુરૂષજાતને જરાયે ખટે નહિ અને નારીજીવનને શીક્ષા કરતા ભાવવાળી, કુદરતની–કર્મસત્તાની જાણ્યે અજાણ્યે ઠેકડી કરાવે છે અને અન્ય દર્શનીયોને પણ ઘડીભર પેટ પકડીને હસાવી મૂકે છે, ત્યારે કોઈ ધર્મી યુવાનો કહેવરાવવાની સસ્તી કીર્તિ મેળવવા માટે તો ફક્ત વિચાર ભેદના કારણે પૂજ્ય માતાઓ અને બ્હેનોને તેમના શોભીતા સુંદર મુખોમાંથી ગાળો ભાંડે છે અને અશ્લિલ ભાષા વાપર્યા માટે ધર્મી (!) જન્મનું અભિમાન લે છે.

નારી જીવનના વિકાસને રૂંધતા, ખૂંદતા–કાપતા આ લોકમાં દોઝખ ઉભા કરતા આ જાતના તમામ પુરૂષો નર્કાધિષ્ઠાતા પરમાધામીઓ જેવા નથી લાગતા?

**સપ્તમંડળ**

આ ઉપરાંત પ્રચલિત રૂઢિ સ્વરૂપે નારી જીવનને પહેરાવેલી જંજીરો તો હદ વગરનીજ છે. શાસ્ત્રોમાં અને અન્ય વ્યવહારોમાં સાત સાત વસ્તુઓની મંડળી જામી છે. સાત સાત પાતાળ, સાત સાત ગ્રહો, સાત નર્કો, જીવનના સાત વિભાગો, ત્યારે નારી જીવન ઉપર લાદેલી જંજીરોથી ઉપસ્થિત થયેલા દોઝખને આપણે શું કામ ફક્ત સાત ભાગમાંજ ન વહેંચી નાખીએ? એટલું તો સૌને સાલવુંજને? સપ્ત દોઝખના પ્રથમ સ્વરૂપે પુરૂષ જાતના પરાક્રમો (!) થી લદાયેલી ઘુમટાની ગોઝારી પ્રથાને ખુલ્લી પાડીએ.

(પહેલું દોઝખ આવતા અંકે)

## કોન્ફરન્સમાં પસાર થયલા ઠરાવો.

( ગતાંકથી ચાલુ )

( ૨૩ ) **સાધુ સંમેલનને ધન્યવાદ અને ભવિષ્ય માટે વિનંતિ:**—તાજેતરમાં સાધુવર્ગોના સંમેલને શાસ્ત્ર, પરંપરા અને વિવેક બુદ્ધિ એ ત્રણેની મદદથી તેઓએ પોતાની અંદરના મતભેદોને ધ્યાનમાં લઇ જે પ્રસ્તાવો સર્વાનુમતિથી કરવામાં એક માસ કરતાં વધારે દિવસો ગાળી જે મહા પ્રયાસ કર્યો છે અને ધર્મના પ્રશ્નોમાં દ્રવ્ય ક્ષેત્ર કાળ ભાવની આવશ્યકતા સ્વીકારી છે તે માટે તેમજ એકનાં સ્થાપન ને બીજાના ઉત્થાપનની કેટલીક વિષમ સ્થિતિનો સમન્વય કરી દૂર કરી છે તે માટે તે સંમેલનને આ કોન્ફરન્સ હૃદયપૂર્વક અભિનંદન આપે છે અને નમ્રતાપૂર્વક જણાવે છે કે થયેલા પ્રસ્તાવોમાં જે કાંઈ અપૂર્ણતા, અસ્ફુટતા, અનિશ્ચિતતા, અવ્યાપકતા રહી હોય તે આવતાં મુનિ-સંમેલનમાં દૂર કરવામાં આવે તથા નીચે જણાવેલ બાબતોનો નિર્ણય કરવામાં આવે.

( ૧ ) દીક્ષા લેતાં પહેલા જેટલા અભ્યાસની જરૂર હોય તે.

( ૨ ) સાધ્વીઓ માટેની દીક્ષાની વય, અભ્યાસ, પાત્રતા આદિના નિયમો.

( ૩ ) દીક્ષા લઇ છોડનાર અને પાછી લેનાર માટેનું રહેવું જોઇતું બંધારણ.

( ૪ ) શિથિલતા અને તે પોષક એકલ વિહાર, જુદા જુદા ગચ્છના પ્રવેનું વલણ, વિહાર તંત્ર, કેટલીક બાબતોમાં એક સ્થાપે બીજા ઉત્થાપે એવી વિમાસણ ને મુઝવણમાં નાખે તેવી સ્થિતિ, અમુક મુનિના માલેકીવાળા થયેલ પુસ્તક ભંડાર અને અમુક સંઘાડાનેજ ઉતરવા માટેના ખાસ ઉપાશ્રયો વગેરે સંબંધી સમયોચિત સામ્યસૂચક ઉકેલ.

( ૫ ) દીક્ષાને અંગે સંઘ સંમતિની આવશ્યકતા.

( ૨૪ ) **કોન્ફરન્સના બંધારણમાં ફેરફાર** કેટલીક સામાન્ય બાબતમાં કરવામાં આવ્યો છે, જેમકે કોન્ફરન્સનું જ્યાં અધિવેશન ભરાય ત્યાંથી દર પ્રતિનિધિ દીઠ રૂા. ૧) કોન્ફરન્સને સુકૃત ભંડારમાં આપવો, સુકૃત ભંડારનો ફાળો આપનારજ પ્રતિનિધિ આવે એમ નહિ પણ પ્રતિનિધિએ તે ફાળો આપવો જોઇએ. જ્યાંના સંઘપતિ પ્રતિનિધિઓ ન મોકલે ત્યાં જાહેર સભાદ્વારા ચુંટાયેલા પ્રતિનિધિઓ માન્ય રાખવા, આ ઉપરાંત પ્રાન્તિક અને સ્થાનિક સમિતિઓ રચવા બાબત કેટલીક સૂચના કરી છે.

( ૨૫ ) **જૈનોમાં મરણ પ્રમાણ ઘટાડવા લેવા જોઇતા ઉપાયો**—સ્વચ્છ હવાવાળી ' જૈન કોલોની ' ની સ્થાપના, સુવાવડખાતું, નિશાળે જતાં છોકરાં છોકરીઓની તબીયત તપાસવા મેડીકલ કમીટી, આરોગ્યના જ્ઞાન માટે લેન્ટર્ન, લેકચર્સ અને સાહિત્યનો પ્રચાર અને એક જનરલ હોસ્પીટલની જરૂર.

( ૨૬ ) **બાંગરોળ ગૌવધ પ્રકરણ**—ગૌવધની છુટ અપાવનાર તાજેતરના હુકમ પ્રત્યે વિરોધ અને રદ કરવા વિનંતિ.

( ૨૭ ) **સાધુ સાધ્વીની ઉન્નતિમાં શ્રાવકોનો ફાળો**—સાધુઓ આદર્શ ત્યાગી થઇ વિદ્વાન લેખક થાય માટે તુલનાત્મક દ્રષ્ટિએ સર્વ ઉપયોગી વિષયોનું જ્ઞાન આપતી પાઠશાળામાં અભ્યાસ કરવાની જરૂર. સાધ્વીઓ માટે પણ એવી જોગવાઇની આવશ્યકતા કે જેથી તે સ્ત્રીસમાજને સુધારી શકે

( ૨૮ ) **સ્ત્રીઓને મળવા જોઇતા વારસા હક્ક**—હિન્દુ લૉ જૈનોને લાગુ પડે છે તે આધારે પુત્રની હૈયાતીમાં પુત્રી કે સ્ત્રીને ખાસ સીધો વારસો મળતો નથી માટે પુત્રોની માફક પુત્રીઓને અમુક હિસ્સો આપવો. સંયુક્ત કુટુંબમાં જ્યાં પતિને વસીયતનામાનો હક્ક ન હોય ત્યાં તે મરણ પામતાં તેની વિધવા અને સંતાન તેના પશ્ચાત વિદ્યમાન ભાઇઓ સાથે નિયત કરેલ નિયમ પ્રમાણે હિસ્સાદાર બને. પતિ નિસંતાન મરણ પામે તો વિધવા કુલ માલિક બનવી જોઇએ.

( ૨૯ ) **યતિ વર્ગ** અગત્યનું અંગ હોઇ પોતાનું સંમેલન ભરે અને શ્રાવકો તેમના માટે પાઠશાળા ખોલી શિક્ષણ આપે.

( ૩૦ ) **સ્ત્રી કેળવણી**—બ્હેનો ઉચ્ચ કેળવણી લેતી થાય તે દિશાએ પ્રયત્નની આવશ્યકતા.

( ૩૧ ) **કોન્ફરન્સના ઠરાવોને પુષ્ટિ**—ગત કોન્ફરન્સના ઠરાવોને પુષ્ટી આપે છે. ( સંપૂર્ણ )

---

( છેલ્લા પેજનું ચાલુ )

વખત લગ્ન કરી શકે છે. હજુ તો સ્મશાનમાં મુડદુ બળતું હોય ત્યાં નવા સાંઢાની વાતો થાય, ત્યાં સ્ત્રીઓને સતી ધર્મના પાઠ ભણાવનારા નથી સમજતા કે તમોને જેટલી તૃપ્તીની લાલસા છે એથી સ્હેજે ઓછી સ્ત્રીઓને નથી હોતી તો શા માટે તેમને અન્યાય કરો છો ?

પુરૂષો ગમે તેવી રીતે લીલાઓ કરી શકે અને સ્ત્રીઓ માટે ધાર્મિક સતીત્વમાં બાદ આવે તેવા પાઠો ભણાવવામાં આવે ત્યારે સમાજની સ્ત્રીઓ કેટલા અંશે માને તેનો વિચાર કદી કર્યો છે કે ? " અફસોસ " સમાજમાં છુપા અનાચારો, ગર્ભપાતો અને અનેક કારસ્તાનો કરે. સમાજના લાડકવાયા પુત્ર રત્નો વિધવાઓના શિયળ ખંડીત કરે તેની સમાજને કોઇ સામે વાંધો ન હોય ! પણ વિધવા કોઇ એક સાથે શાંતિથી જીંદગી ગાળી પોતાના જીવનની સાર્થકતા કરે તેમાં સતી ધર્મને બાદ આવે ત્યારે આથી બીજું શું સમાજને શરમકારક હોઇ શકે ?

પ્રથમના દાખલાઓ આપતાં પહેલાં પ્રથમ ઘર તપાસો, પહેલાંની પરિસ્થિતિ, પહેલાના સંજોગો, પહેલાનું ચારિત્ર, પહેલાનું સમાજનું જ્ઞાન, સમજશક્તિ છે કે ? તમારાથી એક પત્ની વ્રત કેટલા અંશે પળાય છે કે સ્ત્રીઓ સામું સતીત્વનું ઓઠું ઉભું કરવા માગો છો ? તમારા વર્તન વ્યવહારમાંજ કેટલાક અંશે દાંભિકતા છુપાણી છે તે તપાસો અને પછી વિધવા બ્હેનો સામે દ્રષ્ટિ કરો તો જરૂર સમજાશે. પહેલાંના દાખલા આપી નિર્દયતા રૂપી પાંજરામાં પૂરી રાખનાર મહાનુભાવો ! હાલની સમાજની સ્થિતિનો વિચાર કરવાની જરૂર છે. વિધવા બ્હેનોના હૃદય તપાસવાની જરૂર છે. તેમની જીંદગી પણ સમાન થઇ પડી છે, તે તરફ સહાનુભૂતિ દર્શાવવાની જરૂર છે. તેમની જીંદગીની શું શું જરૂરીઆતો છે તે તરફ લક્ષ આપી ગાડરીયા પ્રવાહની માફક ચાલી આવતી અંધ રૂઢિને પકડી બેસવાથી કંઇ નહિ વળે ઉલટું તેમાં પતનજ છે.

અત્યારે ઘણી બ્હેનો પોતાની અંતરની ઉર્મિઓ સમાજના ડરે અંદરને અંદર સમાવી રહી છે, અંતઃકરણથી ચીટકાર આપી રહી છે, તેમની કકળતી આંતરડી અંતરથી શાપ આપી રહી છે, અને એમના અનેક શાપોથી આપણી આ દુર્દશા થઇ છે. સમાજના વડેરાઓ ચેતી જાય કે અત્યારે સુધી વિધવાઓનો અજ્ઞાનતાનો લાભ લીધો, રૂંધવા અને અધોગતિમાં ધકેલવા મદદગાર થયા, પણ હવે સમયના પરિવર્તનની સાથે તમારા વિચારોનું પરિવર્તન કરો અને વિધવાઓના અંતરના આશીર્વાદની સાથે કોમના આશીર્વાદ મેળવો.

# છાત્રાલયોનો પ્રશ્ન.

[ છાત્રાલયો ઉપર રાષ્ટ્ર, ધર્મ અને સમાજના ઉત્થાનનો મોટો આધાર રહેલો છે. એ છાત્રાલયો જો નિયમિત અને આધુનિક પધ્ધતિએ વ્યવસ્થિત થઇ જાય તો સારામાં સારૂં ફળ આપી શકે. તેથી છાત્રાલયોને વ્યવસ્થિત અને સફળ બનાવવા હમણાં ગંભીર વિચારણાઓ તેમજ અખતરા થઇ રહ્યા છે. અને તેમાં છાત્રાલયના પ્રશ્ન સાથેજ જેઓ જોડાએલા છે તેઓની મનોદશા સમજવી અગત્યની છે. પાટણ ખાતેના ચતુર્થ છાત્રાલય સંમેલનના પ્રમુખ શ્રીયુત હરભાઇ ત્રિવેદીએ પ્રમુખસ્થાનેથી એ વિષયમાં ખુબ પ્રકાશ નાંખ્યો છે, તેમાંથી આ અગત્યના ફકરાઓ છે. તંત્રી ]

બે મિત્રો એકઠા મળે છે અને અંદર અંદર વાતચીત શરૂ થાય છે.

એક : "તમે ગમે તેમ કહો. મારે તો એને બોર્ડિંગમાં મોકલ્યા સિવાય છૂટકોજ નહતો. જેના ભોગ લાગ્યા હોય એની બા આટલી આધેડ વયે ગુજરી જાય. એની નવી મા સાથે એને એક દિ' પણ બને તેમ નથી. એની માનો વાંક નહિ હોય તેમ હું નથી કહેતો, પરંતુ છોકરો કંઇ ઓછો કંઠો નથી. બોર્ડિંગમાં મૂકવાથી મારે તો ઘરમાંથી રોજનો મોટો કકળાટ ઓછો થયો. ભલું થજો એ બોર્ડિંગવાળાઓનું."

બીજો : "મારા નવીનનું તેવું નથી. ઘરમાં તો એણે જુદીજ જાતનો જંગ મચાવ્યો હતો. રોજ મારફાડ કરવી અને આખો દહાડો બસ રખડપાજ કરવું. એને ઠેકાણે લાવવા માટે મેં તો અનેક પ્રયત્નો કર્યા. એને માર મારવામાં પણ બાકી રાખી નહિ. છેવટે છેવટે તો પાડોશમાં ચોરી કરવા બદલ એને મેં પોલિસને પણ સોંપેલો. કોઇ રીતે નહિ ફાવવાથી મારે એને બોર્ડિંગમાં મૂકવો પડ્યો છે. એના ગૃહપતિઓની ફરિયાદ કંઈ ઓછી નથી; પણ એ તો એમને એમ ટીપાતાં ટીપાતાં ઠેકાણે આવી જશે."

બીજા બે ઓળખીતાઓ ગાડીમાં એકઠા થઇ જાય છે અને વાતવાતમાં આ પ્રમાણે વિચારોની આપ લે કરે છે.

એક : "કેમ ભાઇ, પછી તમે આપણી નવી બોર્ડિંગનો વહિવટ જોયો?"

બીજો : "અરે એમાં જોવું' તું શું? નાતના પૈસા નાતમાંજ વાપરવાની આ સારી એવી રીત છે. ગામડાના છોકરાઓને આગળ ભણવાની તક મળશે, ગરીબોને નાતને પૈસે આગળ ભણાવી શકાશે અને આપણી નાતની પ્રતિષ્ઠા થોડીએક વધશે."

એક : "એ તમારી વાત બરાબર છે. પરંતુ ત્યાં કેવા છોકરા ભેગા થાય છે, માસ્તર કોને રાખે છે, કેવું ખાવાનું મળે છે, છોકરાઓ ઉપર કેવી દેખરેખ રાખવામાં આવે છે, એ બધું તપાસવું તો જોઇએજ ને?"

બીજો : "એવું તપાસનારાઓ તપાસવું હોય ત્યારે ભલે તપાસે. મેં તો મારા શાંતિને ત્યાં મોકલી દીધો છે. કોઇ કોઇ વખત એ ખાવાની ફરિયાદ કરે છે; માસ્તર વધારે પડતી છૂટ આપે છે એવા ખબર મને મળ્યા છે; મને એની બહુ પરવા નથી. બે વરસ છોકરો ત્યાં રહેશે એટલે આપોઆપ સારે ઠેકાણે એનો સંબંધ બંધાઇ જશે. પછી તો એ બોર્ડિંગમાં રહે કે ન રહે, તેનું મારે કશુંજ કામ નથી."

બે પાડોશણો કંઇક વાતો કરતી એકઠી મળે છે. બન્નેના છોકરાઓ બોર્ડિંગમાં મૂકેલા છે.

એક : "બેન, હું તો મારા જડુકને દીવાળી પછી બોર્ડિંગમાં મોકલવાની નથી. એના બાપ 'સ્કોલરશિપ મળે છે તો ભલેને ભણી લેતો' એવો આગ્રહ રાખે છે, પણ મને એ ગમતું નથી. જ્યાં રોટલામાં કાંકરા આવે, ભાતમાં ધનેડાં આવે, અને બીજા છોકરાઓ પજવ્યા કરે, ત્યાં મારા જડુકને હું નહિ જવા દઉં."

બીજી : "મને પણ કોઇ કોઇ વખત તમારા જેવાજ વિચારો આવે છે. મારો કાન્તિ ખાવામાં સ્વાદુડો થઇ ગયો છે બહારની ગમે તેવી ચીજો ખાધા કરે છે. નાટક સિનેમા જોયા વિના તો રહી શકતોજ નથી. એ જોઇને મને તો લાગે છે કે બોર્ડિંગમાં સુધરવાને બદલે એ બગડી જશે; એના બાપાને બીક છે કે ઘરે રાખવાથી એ વધારે બગડશે. મને તો લાગે છે કે મા બાપની તોલે કોઇ ન આવે."

સારી યા નરસી ગમે તેવી ગણો, પરંતુ સામાન્ય સમાજમાં પોતાના છોકરાઓને બોર્ડિંગોમાં મોકલતાં માત પિતાઓની સામાન્યત: આવી મનોદશા હોય છે.

છાત્રાલયનો જેના ઉપર પૂરેપૂરો આધાર છે, તેવા છાત્રોને પણ એના યથાર્થ સ્વરૂપમાં આપણે જોઇ લેવા જોઇએ. બે છાત્રો જમી કરીને કંઇક યુક્તિ રચતા ગુપચુપ વાતો કરતા બેઠા છે.

પહેલો છાત્ર : "તું તારે હું કહું તેમ કરજેને! મોટી બજારને નાકે ગઈ કાલે આપણે ઉભા હતા એ ઠેકાણે જઇને ઉભો રહેજે. હું પા કલાકમાં તને આવી મળીશ."

બીજો છાત્ર : "પણ પાછા આવતી વખતે શું થશે? દરવાજો ઉઘાડવામાં તકલીફ પડશે. મોનિટર યા તો ગૃહપતિ જાગી જશે અને આપણે પકડાઇ જશું."

પહેલો છાત્ર : "તેની તું ચિંતા ન કર. મેં બધી વ્યવસ્થા કરી રાખી છે. દરવાજો ઉઘાડવાની કશીજ જરૂર નહિ રહે. રામજીની રૂમની પાછળની બારી ખુલ્લી રહેશે. એ બારી વાટે આપણે આપણી પથારી ભેગા નિરાંતે થઈ જઇ શકશું."

બે મિત્રો મોડી રાતે ગામમાંથી છાત્રાલય તરફ ચાલ્યા આવે છે. બન્નેની વાતચીતનો પ્રકાર આ પ્રમાણે છે.

પહેલો છાત્ર : "પણ આપણા માટે થાળી રાખી હશે તેનું શું કરશું?"

બીજો છાત્ર : "એમાં કરવું છે શું? હું તો કહીશ કે પેટમાં દુઃખે છે એટલે ખાવુંજ નથી."

પહેલો છાત્ર : "પણ એમ કાંઇ ગૃહપતિ સમજી ગયા વિના રહેશે? પૂછશે કે આટલા બધા વખત સુધી ક્યાં હતા?"

બીજો છાત્ર : "તેનો જવાબ પણ મારી પાસે તૈયારજ છે. કહીશ કે પાછા ફરતાં રસ્તામાં મામા મળ્યા તે પરાણે ઘરે ઉપાડી ગયા, અને પૈસાની બાબતમાં પણ મેં તો જવાબ ઘડી રાખ્યો છે. તું કહેજે કે પૈસા ખીસામાંથી પડી ગયા અને હું કહીશ કે પેટમાં દુઃખવાને અંગે સોડા પીવી પડી."

શુભ કહો કે અશુભ કહો, હિતાવહ કહો કે નુકશાન કારક કહો, પરંતુ બોર્ડિંગમાં વસતા મોટા ભાગના વિદ્યાર્થીઓની મનોદશા આ જાતની હોય છે.




## વિધવા વિષે કંઇક ઉદ્દગાર

લેખક :—
ભોગીલાલ પેથાપુરી

પૂર્વજો તેમજ આચાર્યો કોઇપણ સમાજને અમુક રીતે બંધનમાં કે નિયમમાં લાવી મૂકવાને શક્તિમાન ન હતા. જેમ જેમ સમયનો પ્રવાહ બદલાતો જાય અને જેમ જેમ નવી જરૂરીઆતો ઉભી થાય તેમ તેમ સમાજ સંરક્ષણ માટે આપોઆપજ જુદા જુદા રિવાજોને ગ્રહણ કરતી જાય છે. આચાર્યોએ તો ફક્ત તેવા વિચારોની નોંધજ રાખી છે. કેટલીક વાર એક મનુષ્ય સમાજ સંરક્ષણ માટે તત્કાલમાં ફાયદાકારક પણ લાંબે સમયે નુકસાન કરે તેવા રિવાજોને પણ સ્વીકારી લે છે. આપણા સમાજમાં વિધવા વિવાહનો પ્રતિબંધ છે, તેથી એમ ન માનવું કે આચાર્યો તેમજ પૂર્વજોએ આ કાયદો ઘડેલો છે; પણ સમાજને તેવા પ્રતિબંધની જરૂર જણાઇ હશે ત્યારેજ તે અમલમાં આવ્યો હશે. વિધવા વિવાહની બે બાબતો વિચારવા જેવી છે. એક તો હલકી કોમમાં સ્ત્રી કરતાં પુરૂષોની સંખ્યા વધુ પ્રમાણમાં હોય છે અને તે કોમમાં પુનર્લગ્ન થાય છે અને તે પ્રમાણે કરવામાં આવે તોજ દરેક પુરૂષ સ્ત્રી મેળવી શકે. બીજી બાબત એ છે કે ઉંચ વર્ગોમાં પુરૂષ કરતાં સ્ત્રીઓની સંખ્યા વધારે હોય છે એટલે દરેક કુંવારી કન્યાને એક વર મળવો મુશ્કેલ હોય છે એટલે વિધવા વિવાહ માટે બીજો વર મેળવવો ક્યાંથી? આથીજ ઉંચ વર્ગોમાં કુંવારી કન્યા અવિવાહીત ન રહી જાય તે માટે વિધવા વિવાહ પ્રતિબંધક ઠીક થઇ પડે.

આતો આપણને કેવી રીતે પ્રતિબંધ મુકાયો તેનું સ્વરૂપ જણાવ્યું. પણ હાલના જમાનામાં તો ઉલટી પરિસ્થિતિ છે. આપણી નજરો આગળ જોઇ રહ્યા છીએ કે સ્ત્રીઓને વેચવા સાટવાનો અમર લાકડે માંકડું વળગાડી દેવાનો હક્ક જાણે પરમેશ્વરે બક્ષ્યો ન હોય શું! તેમ લાગે છે. સમાજમાં બાળાઓને સમજણ આવતાં પહેલાં ગમે તેની સાથે પધરાવી દેવામાં આવે છે. ઘણા સંભાવીત ગૃહસ્થોને ત્યાં દીકરીનો જન્મ થયો કે જાણે આનંદથી ફુલાય છે, કારણ કે તેમની લોભી દશા સંતોષાય છે, દારિદ્રતા ચૂરેચૂરા કરી નાખે છે, પોતાની દીકરી વેચી તે પૈસે તાગડધીન્ના કરવામાં પોતે આનંદ માને છે, ત્યારે કહો જોઇએ તેવે સમયે દીકરીના ભવિષ્યના સુખના વિચારો ક્યાંથી સૂઝે?

દીકરી વિધવા થઇ કે તેના નસીબનો વાંક કાઢે છે પણ જાણી બુઝીને ઘરડા ખખ્ખર સાથે પરણાવવામાં આવે અને વિપરીત પરીણામ બને તેમાં દીકરીના નસીબનો દોષ કાઢે શું વળવાનું છે? જાણી બુઝી દીવો લઇ કુવામાં પડે ત્યાં નસીબ ક્યાં આડું આવે છે? આવા આવા સદ્દગૃહસ્થોના પાપે તો સમાજમાં વિધવાઓનો રાફડો ફાટ્યો છે, અને જ્યારે શાંત ચિત્તે તેઓને સુખ કેમ ઉત્પન્ન થાય તેવી યોજનાઓ વિચારવામાં આવે ત્યારે રૂઢિચૂસ્તો તેવાઓને દાબી દેવા તનતોડ પ્રયાસ કરી નીંદાને પાત્ર બનાવી મૂકે છે.

વિધવાઓની પરિસ્થિતિનો અભ્યાસ કરનાર જરૂર આપણી સમાજ પ્રત્યે ઘૃણાની દૃષ્ટિએ જોયા સિવાય નહિ રહે. વિધવાબ્હેનો પ્રત્યે એવું શરમ ભરેલું વર્તન ચલાવવામાં આવે છે કે જાણે વૈધવ્યનું દુઃખ ઓછું હોયને શું? તેવી રીતે સાસુ-સસરા, સગાસંબંધી તરફથી તિરસ્કારાય છે. જે બાપના ઘેર પંદર વરસ લાડ લડી. ખાઇ-પી મોટી થએલી દીકરી જ્યારે વિધવા થતાં તેની તરફ ધિક્કારની નજરે જોવાય છે, અપશુકનીયાળ ગણાય છે, અને એને એક ગુલામડી કે ચાકરડીની માફક જીંદગી ગુજારતાં પણ રોટલાના ટુકડાના પણ સાંસા પડે —.

પોતાની લોભવૃત્તીની તૃપ્તિ ખાતર ભોળી વિધવાઓને વૈધવ્ય દુઃખ કેટલું સહેવું પડે છે, એની કલ્પના ક્યાંથી હોય? વિધવાઓના અસહ્ય દુઃખની કલ્પના એ જડસુઓના મગજમાં ઠસાવવામાં આવે તો જરૂર તે બાબતમાં કંઇ કરી શકે. સમાજમાં તેઓને કેટલું અપમાન સહન કરવું પડે છે, કેટલાં મેણાટોણાં સહન કરવા પડે છે, તે જો સાંભળવામાં આવે તો તે અંગે કંપારી આવ્યા સિવાય નહિ રહે. સમાજમાં નીચામાં નીચું સ્થાન ભોગવતી વિધવાઓની જાણે જીવનની કંઇ કિમ્મતજ ન હોય તેમ તેમની સાથે અધમતા વપરાય છે. પરમેશ્વરે તેમને સમજશક્તી આપી છે, સારા નરસાનો વિચાર કરવાની બુધ્ધિ પણ તેમને આપી છે, અને જીવનમાં સુખ કેમ ઉત્પન્ન થાય તેનું પણ તેમને જ્ઞાન હોય છે. એકંદર જેવી રીતે આપણે જીવન જીવીએ છીએ તેવા દરેક અધિકાર એક મનુષ્ય તરીકે તે ભોગવી શકે છે, ત્યારે એક સમાજના બંધન તરીકે તેમની કાયમી પણ જીંદગી ગાળતી ન અટકાવાય ત્યારે તે હડહડતો અન્યાય નહિ તો બીજું શું? સમાજ ઉપરથી આવો બોજો ઓછો કરી વિધવાઓ શાન્તિથી પોતાનું જીવન ગાળી શકે તેવા દરેક ઉપાયો હાથ ધરવામાં આવે તો જરૂરથી સમાજમાં કંઇ નવીન વાતાવરણ પ્રેરાય.

વિધવા બ્હેનો પોતે સદાચાર પાળી ધર્મ ધ્યાનમાં મગ્ન રહી નીતિમય જીવન ગાળે તો આનંદની વાત છે, પણ હાલનો જમાનો ચંચળ છે, પોતાના મગજપર કાબુ ઘડીકમાં ગુમાવી બેસે છે, પગલે પગલે પતીત થવાનો સંભવ રહે છે, ગુંડા લોકો અને સમાજના નાયકોના લાડકવાયા પુત્રોથી વિધવાઓનું જીવન જોખમાઇ રહ્યું છે, અને ઘણી બ્હેનોએ તો આ પાપી ખપ્પરમાં પોતાનું બળીદાન પણ આપી સમાજને શાપના મુખમાં નાખી મરણનું શરણ સ્વીકાર્યું છે.

આપણા સમાજમાં પુરૂષો ૨-૪ કે તેમને ફાવે તેટલી

( જુઓ પાનું ૬ . )

આ પત્ર શ્રી જમનાદાસ અમરચંદ ગાંધીએ ધી ક્લાપી પ્રીન્ટીંગ પ્રેસમાં છાપી શ્રી જૈન યુથ સીંડીકેટ માટે નવું બજાર, સેન્ટ્રલ બીલ્ડીંગ દુકાન નં. ૨૪, મુંબઇ નં. ૨, તરૂણ જૈન ઓફીસમાંથી પ્રગટ કર્યું.